# નગરમાં ફળોની રાજા ગણાતી કેરીનું વિપુલ માત્રામાં આગમન

## મોડી અને મોંઘી છતાં કેરી ખરીદવા નગરજનોમાં ઉત્સાહ, ગરમીમાં બેસ્વાદ ભોજન કેરીથી સ્વાદિષ્ટ બન્યુ

ગાંધીનગર, તા. ૪

ધગધગતો તાપ જનજીવન ઉપર વ્યાપક અસરો પહોંચાડી રહ્યો છે. અને આવી તેજ ગરમીનું શ્રેષ્ઠ ફળ કેરીએ પાટનગરમાં ધમાકેદાર આગમન કરી લોકોની થાળીમાં સ્વાદનો ઉમેરો કરવા લાગી છે. ફળોની રાજા ગણાતી કેરી વાવાઝોડા, વરસાદ થકી ચાલુ વર્ષે મોડી આવી છે તેમજ મોંઘી પણ બની છે. છતાં સિઝનલ ફળ ખરીદવામાં નગરજનો હરહંમેશ ભારે ઉત્સાહી રહ્યા છે. જે હાલ કેરીની ખરીદી ઉપરથી લાગી રહ્યુ છે. વિવિધ જાતોમાં ઉપલબ્ધ કેરી ગરમીમાં ન ભાવતુ ભોજન ભાવતુ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. જેથી કેરીએ દરેક વર્ગની હાલમાં પસંદ બની છે.

ફળોની રાજા ગણાતી કેરીનું સૌ આતુરતાપુર્વક રાહ જોઈ રહ્યુ હોય છે. ગરમીમાં બેસ્વાદ બનેલા ભોજનમાં સ્વાદનો ચટકો લગાવતી કેરી ચાલુ વર્ષે મોડી આવી છે. વાતાવરણમાં આવેલા અચાનક પલટા થકી વાવાઝોડા અને વરસાદે કેરીના પાક ઉપર વ્યાપક અસરો છોડી છે. છતાં પણ ગાંધીનગરવાસીઓએ મોડી અને મોંઘી બંનેના સમન્વયને સ્વીકારી મોસમની મઝા માણવાનું મુનાસીબ માન્યુ છે. અસહ્ય ગરમીમાં કેરીનો રસ અને રોટલી જમી ઠંડકમાં આરામ કરવાનો અનુભવ નગરજનો હાલમાં મેળવી રહ્યા છે. અને તેથી જ ગાંધીનગરના શાકમાર્કેટ તથા માર્ગો ઉપર હાલ કેરીના



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

૧૦૮ને પણ ૧૦૮ની જરૂર - ગાંધીનગરના રાજમાર્ગ પર અજાણ્યા વાહન ચાલકે ૧૦૮ના નિદર્શન બોર્ડને ટક્કર મારતા છેલ્લા ઘણા સમયથી બોર્ડ ભારે ઈજાગ્રસ્ત હાલતમાં પીડાય છે... જે માર્ગ પર ગતિ માર્યાદા ૨૫ કિ.મી.ની નિદર્શન કરતું બોર્ડ પણ બાજુમાં લાચાર હાલતમાં ૧૦૮ને આશ્વાસન આપે છે... અને સૂકાયેલું વૃક્ષ પણ બંને બોર્ડને હિંમત આપતા કહે છે કે, સહન કરીને પણ સૌને સુખ આપવું એજ આપણો જીવનધર્મ છે... કાલ સારી ઉગશે... સરકાર જાગશે ને ત્યારે પાટાપીંડી કરી તેને યોગ્ય સ્થાને ગોઠવી દેશે... સમાજ જાગશે ત્યારે ગતિમર્યાદાના સંદેશને ઝીલશે... તારો જન્મારો યથાર્થ કરવા ઝઝુમતા રહો અને સૌને ઉપયોગી બનો...

# ગરમીના દિવસોમાં આગ-અકસ્માતના બનાવોમાં વધારો

## એ.સી.નો વપરાશ વધ્યો જેથી ભારે લોડના કારણે શોર્ટસર્કિટના બનાવોમાં વધારો નાના-મોટા અકસ્માતોનું પ્રમાણ પણ વધ્યુ

ગાંધીનગર, તા. ૪

ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. આકાશમાંથી જાણે અંગારા વરસી રહ્યા છે. ભારે ગરમીથી રાહત મેળવવા માટે એ.સી. ફુલસ્પીડે ચલાવાઈ રહ્યા છે. જેથી વીજળીનો ઓવરલોડ વધતા આગના બનાવો વધ્યા છે. વાહન અકસ્માતોનું પ્રમાણ પણ વધતુ જોવા મળે છે.

કાળઝાળ ગરમીમાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. ઉનાળાનો લાંબો દિવસ ગરમીના કારણે ભારે અકળાવનારો બની રહે છે. ગરમીથી રાહત મેળવવા તથા બચવા માટે નીતનવા ઉપાયો અજમાવવામાં આવે છે. હાલમાં ખુબ ગરમી પડી રહી હોવાથી પંખા અને એરકુલર તો કામમાં જ નથી આવતા. માત્ર એ.સી.થી ગરમીથી રાહત આપે છે. મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીથી વધુ રહેતા એ.સી.નો વપરાશ ખુબ વધી ગયો છે. ખાસ કરીને સરકારી કચેરીઓમાં આખો દિવસ ફૂલ સ્પીડે એ.સી. ચલાવવામાં આવે છે. એ.સી.ના વપરાશને કારણે વીજળીનો લોડ ખુબ પડે છે. લોડ વધતા આગ લાગવાના નાના મોટા બનાવો છેલ્લા એક અઠવાડિયાથી વધી ગયા છે. કૃષિભવન અને જુના સચિવાલયમાં લાગેલી આગમાં ખુબ નુકશાન પહોંચ્યું છે. ફાયરબ્રિગેડને આગ લાગવાના કોલ વધુ સંખ્યામાં મળી રહ્યા છે.

આગ ઉપરાંત વાહન અકસ્માતોનું પ્રમાણ પણ વધેલુ જોવા મળે છે. ડ્રાઈવીંગ કરતી વખતે ભારે ગરમીની અસર ચાલક પર થતી હોવાના કારણે નાના મોટા અકસ્માતો વધ્યા છે. આ ઉપરાંત ભારે ગરમીના કારણે ચક્કર આવવા, બીપી વધી જવુ, મુર્છીત થઈ જવુ જેવા બનાવો પણ આ દિવસો દરમ્યાન વધ્યા છે.

# સાતમીએ ગુજકેટની પરીક્ષા

## જિલ્લામાંથી ૨૭૫૧ વિધાર્થીઓ પરીક્ષા આપશે : ૧૩૮ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહીઃ ગેરરિતી ન થાય માટે વર્ગ-૧ ના અધિકારીઓ રાઉન્ડ લેશે

ગાંધીનગર, તા ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ મે ના રોજ ધો- ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિધાર્થીઓ માટે ગુજકેટની પરિક્ષા લેવામાં આવશે. આ પરિક્ષામાં મેડીકલ ગૃપમાં અભ્યાસ કરવા માંગતા હોય તેવા જિલ્લામાંથી ૨૭૫૧ વિધાર્થીઓ બેસશે. પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સ્કોવાર્ડ ટીમના સભ્યો રાઉન્ડ લેશે. દરેક પરિક્ષા કેન્દ્રો પર વર્ગ-૧ ના અધિકારીઓ ઓબઝર્વર તરીકે ફરજ બજાવશે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનુ આગામી તા ૨૫ મેના રોજ પરિણામ જાહેર થશે. જિલ્લામાંથી ૫૬૦૦ જેટલા વિધાર્થીઓએ આ પરિક્ષા આપી હતી. આગામી દિવસોમાં બોર્ડ

● અનુસંધાન પાન-૭ પર

# સરખેજના પોલીસ સ્ટેશનના સંકુલમાં આગ : જપ્ત કરાયેલા વાહનો ખાખ

## ગરમીના કારણે બનાવ : જપ્ત કરાયેલા વાહનોને નુકશાન



અમદાવાદ, તા. ૪

સરખેજ પોલીસ સ્ટેશન પરિસરમાં આગની ઘટના બની જતાં ચકચારી મચી જવા પામી છે. પોલીસ દ્વારા જપ્ત કરાયેલા વાહનો બાઈક, કાર, ટ્રક સહિતનાં ૨૦ વાહનો બળીને ખાખ થઈ ગયા છે. પ્રાથમિક માહિતી મુજબ આ ઘટના ગરમીના કારણે થયું છે આગને લીધે પોલીસ સ્ટેશનમાં થોડીવાર માટે અફડાતફડીનો મહોલ સર્જોયો હતો. આ ઘટનાં ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. એક ફાયર ફાઈટર અને બે ગાડીઓ સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડ મૂકી હતી. અને પાણી મારો ચલાવીને આગને નિયંત્રણમાં લીધી હતી.

# આજથી શિક્ષક સજ્જતા તાલીમ આરંભાશે

## શિક્ષણમાં ગુણવત્તા સુધાર લાવવા કલોલ ખાતે ૨૪૦ માધ્યમિક શિક્ષકોને તાલીમ શિબિર : તાલીમમાં હાજર નહી રહેનાર શિક્ષકોની સામે પગલા લેવાશે

ગાંધીનગર, તા ૪

શિક્ષણમાં ગુણવત્તામાં સુધાર લાવવા આજથી કલોલમાં શિક્ષક સજ્જતા તાલીમ શરુ કરવામાં આવશે. માધ્યમિક વિભાગના ૨૪૦ શિક્ષકો આ તાલીમમાં જોડાશે. શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા અનુભવી શિક્ષકો દ્વારા તાલીમ આપવામાં આવશે. તાલીમના આદેશ બાદ પણ હાજરી નહીં આપનારા શિક્ષકો સામે પગલા લેવાશે.

આજના સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં ખાનગી ડે કેર સ્કુલનો ટ્રેન્ડ શરુ થયો છે. બીજીતરફ સરકારી શાળાઓમાં સતત શિક્ષણનુ સ્તર નીચુ જતુ હોવાની બાબત પણ સમાજ તેમજ શિક્ષણતંત્ર માટે ચિંતાનો વિષય છે. છેલ્લા કેટલાક સમયથી સરકારી શાળાઓનું પરિણામ નીચુ જતા શિક્ષણ વિભાગ દ્વારા પણ શાળાઓમાં વધુ ગુણવત્તાસભર શિક્ષણ પુરુ પાડવા શિક્ષકોને તાલીમબધ્ધ કરવા જરુરી તાલીમનુ આયોજન કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડના જણાંવ્યા મુજબ તા ૫ મેં થી શિક્ષક સજ્જતા તાલીમ યોજવામાં આવશે. કલોલની હીરામાણેક હાઈસ્કુલમાં સવારે ૯ થી ૫:૩૦ કલાક દરમિયાન તાલીમ આપવામાં આવશે. પાંચ દિવસીય આ શિક્ષક સજ્જતા તાલીમમાં જિલ્લાના માધ્યમિક વિભાગમાંથી ૨૪૦ શિક્ષકોને તાલીમબધ્ધ કરવામાં આવશે. શિક્ષકો શાળાના વર્ગખંડમાં વિધાર્થીઓને વધુ સારુ શિક્ષણ આપી શકે તે માટે અનુભવી શિક્ષકો તાલીમ આપશે. અનુભવી તજજ્ઞો પોતાનુ વકત્વ્ય પણ રજુ કરશે. આ તાલીમમાં હાજર રહેવાની સુચના છતા કોઈ શિક્ષક ગેરહાજર રહેશે તો તેની સામે પગલા લેવાશે.

હાર્દિક અભિનંદન



કાર્તિક પટેલ

આપની ગાંધીનગર મહાનગરપાલિકામાં ડેપ્યુટી મેયર પદે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ...

બિપીનભાઈ એલ. રાવલ
ઉપાધ્યક્ષ - ગાંધીનગર મહાનગર ભાજપા
શાંતિનિકેતન શાળા, સેક્ટર-૨૯
ગુરૂકૃપા હોસ્ટેલ સેક્ટર-૧૩

# મેટ્રોરેલને પ્રથમ ચરણમાં કેપીટલ સુધી લંબાવવા મહામંડળની રજુઆત

## કેપીટલ સ્ટેશનને પણ નવી ટ્રેઈનો ફાળવવામાં નિરસતા સામે આક્રોશ

ગાંધીનગર, તા ૪

ગાંધીનગરને પ્રથમ તબક્કામાં જ મેટ્રો રેલ સુવિધા ઉપલબ્ધ થાય તે અંગે સરકારને રજુઆત કરવામાં આવશે. મેટ્રોરેલ પ્રોજેકટ મુળભુત રીતે ગાંધીનગરમાં અમલી બનાવવા ત્રણ દાયકા પૂર્વે વિધાનસભાના મેજ સુધી સમિતિ કક્ષાએ રજુઆત કરવામાં આવી હતી. પરંતુ તાજેતરના આયોજન મુજબ શહેરને આ યોજનાના લાભથી પ્રાથમિક તબક્કે અળગા રાખવાની નિતિ અપનાવાતાં સ્થાનિક રહિશોમાં આક્રોશ પ્રવર્તયો છે. મુળ યોજનાને સાકાર કરવા પણ શહેર વસાહત મહામંડળે રજુઆતમાં જણાવ્યુ છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચના જણાવ્યા મુજબ ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ શરુ કરવાના પ્રાજેકટના મુળિયા વર્ષ ૧૯૮૪માં રોપાયા હતા વિધાનસભાના મેજ સુધી સમિતિ કક્ષાએ ભલામણ કરવામાં આવી હતી. ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ દોડાવવાની મુળયોજના હતી. પરંતુ છેલ્લે આ મામલે ગાંધીનગરને કોરાણે મુકી દેવાતાં નગરજનોમાં મોટી નિરાશા વ્યાપી છે. અમદાવાદમાં જ પહેલુ ચરણ પુરુ કરાતા નગરની જીવાદોરી સુધારનારી આ યોજનાથી ગાંધીનગરને વંચિત રાખવામાં આવ્યુ છે. મેટ્રોરેલ પ્રોજેકટને પ્રથમ ચરણમાં જ શહેર સુધી લંબાવી મુળયોજનાને સાકાર કરવા પણ મહામંડળે માંગ કરી છે. આ ઉપરાંત કેપીટલ સ્ટેશનને પણ નવી ટ્રેઈનો ફાળવવામાં વર્ષાથી વિલંબ થઈ રહયો છે. કેન્દ્ર સરકાર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા નવી ટ્રેઈન ફાળવવામાં આવતી નથી. દરવર્ષે બજેટના અંતે ગાંધીનગરને ઠેંગો દેખાડી દેવાય છે. આ ઉપરાંત કેપીટલ સ્ટેશનને પણ યાત્રિકાલક્ષી જરુરી સુવિધા પુરી પાડવામાં આવતી નથી.



ગાંધીનગરમાં ઠેર ઠેર સ્વચ્છતા અને વિકાસની વાતો થાય છે, ત્યારે સેક્ટર-૧૫ જાણે આ બધાથી અલગ હોય તેવું લાગી રહ્યું છે. સ્પોર્ટસ કોમ્પલેક્ષ (સાંઈ-૧૫) હોસ્ટેલની ગટર છેલ્લા ઘણા સમયથી ઉભરાય છે. જેને કારણે અતિશય દુર્ગંધ અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. નજીકના છાપરામાં રહેતા લોકોનો કોઈ અવાજ સાંભળતુ નથી અથવા ત્યાં સુધી પહોંચવાનો કોઈને સમય નથી કે પછી 'હોતી હૈ ચલતી હૈ..' (તસવીર : કશ્યપ નીમાવત)

તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સમય જોતજોતામાં પસાર થઈ ગયો હતો. તમે કરેલા કાર્યો, નિઃસ્વાર્થ સેવા, કામ કરવાની ધગશ, યાદ શક્તિનો ભંડાર, કુટુંબ માટે જીવનાર, સતત કાર્યશીલ રહેનાર, કુટુંબ અને પરિવારને હૃદયરૂપી, ચરણસ્પર્શી આશીર્વાદ અમોને આપતા રહેશો.
ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે
(વૈશાખ સુદ પૂનમ) સ્વ. તા. ૫-૫-૨૦૧૨

લી.
તુષાર જે. દવે (પુત્ર) — ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે (પત્ની)
હેમંત જે. દવે (પુત્ર) — જતીનભાઈ જે. દવે (પુત્ર)
રિપા ટી. દવે (પુત્રવધુ) — ધર્મા જે. દવે (પુત્રવધુ)
યોગીની એચ. દવે (પુત્રવધુ) — દષ્ટિ
વેદાંશી — (પ્રાર્થના ગ્રીન) સરગાસણ ચોકડી પાસે, ગાંધીનગર
(પ્લોટ નં. ૨૪૨/૨, સે.૩ન્યુ, ગાંધીનગર)

SANGHI CEMENT
Kisan
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# શામળાજી પી.એસ.આઈ. સ્વ. અર્જૂનસિંહ વાળાના કુટુંબીજનોને રૂ. પાંચ લાખનો ચેક અર્પણ

ગાંધીનગર, તા. ૪

શામળાજી પોલીસ મથકના પી.એસ.આઈ. સ્વ. અર્જૂનસિંહ કે. વાળાનું અવસાન થતા અકસ્માત મૃત્યુ વીમા યોજના હેઠળ સ્વ. અર્જૂનસિંહના કુટુંબીજનોને રૂ. ૫ લાખની સહાયનો ચેક આપવામાં આવ્યો હતો.

પ્રાત માહિતી અનુસાર શામળાજી ખાતે અર્જૂનસિંહવાળા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. દરમિયાન એક વાહનચાલકે તેમને ટક્કર મારતા તેઓનું ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા પોલીસ કર્મચારી અકસ્માત મૃત્યુ વીમા યોજના હેઠળ રાજ્ય પોલીસવડા પી.સી. ઠાકુરે સૂચના આપતા તે સ્વ. અર્જૂનસિંહના પરિવારજનોને રૂ. ૫ લાખની સહાયનો ચેક આજે અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા દ્વારા તેઓને પરિવારજનોને આપવામાં આવ્યો હતો.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com